જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૩/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૭૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૭ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી ૩૯ લીટર દેશી દારૂ, ૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૮ બિયર ટીન અને ૦૧ ફોરવ્હીલ કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૭૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૭૯/૧૬**

**ઘાટલોડીયા** : મનિષાબહેન એકનાથ સોનવણે (ઉ.વ.૧૬)(રહે.અશ્વિનભાઇ પટેલના મકાનમાં, સંજયનગર ગેટ નં-૩ ઘાટલોડીયા) ને તા.૨૫/૩/૧૬ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા, ગ્રીનપાર્કની સામે આવેલ નિર્મલ એપાર્ટમેન્ટ નજીકથી ઘર નજીક રહેતો આરોપી ભરત ઉર્ફે એકનાથ પાન પાટીલ લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ મનિષાબહેનના પિતા એકનાથ સોનવણેએ તા.૨૭/૩/૧૬ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.સી.જાડેજા ચલાવે છે.

**સોનાનું મંગળસુત્ર ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૫૮૦/૧૬**

**ઇસનપુર** : રશ્મીનભાઇ ઇશ્વરલાલ પટેલ (રહે.રાજબાગ સોસાયટી, ઘોડાસર ઇસનપુર) એ તા.૨૭/૩/૧૬ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૩/૧૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘોડાસર ચાર રસ્તાથી આવકાર હોલ તરફ જતાં, અમુલ પાર્લર સામેથી પત્ની સાથે પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રશ્મીનભાઇનાં પત્નીનાં ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૮૧/૧૬**

**મેઘાણીનગર** : જયાબહેન ગણપતભાઇ પટણી (ઉ.વ.૧૫)(રહે.જયયોગેશ્વરની ચાલી, મેઘાણીનગર) તા.૨૭/૩/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે મેઘાણીનગર ગુ.હા.બોર્ડ ખાતે રસોઇ બનાવતાં, શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સાંજના ૭/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.બી.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)